PA-1 Exam Syllabus :-

પાઠ 1 ઓ ઈશ્વર ! ભજીએ તને

પાઠ 2 દાદા મેંકડા

વ્યાકરણ →

શબ્દકોશક્રમ , સર્વનામ પ્રકાર

લેખન →

નિબંધ , વાર્તાલેખન , ગદ્યાર્થ ગ્રહણ , પદ્યાર્થ ગ્રહણ

## વ્યાકરણ — શબ્દકોશ ક્રમ

* શબ્દોને પહેલા બારાક્ષરીના ક્રમમાં અને પછી ક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવે છે.

બારાક્ષરીનો ક્રમ

અ અં આ ઇ ઈ ઉ
ઊ એ ઐ ઓ ઔ

### ક્કાવારી નો ક્રમ

ક ક્ષ ખ ગ ઘ ચ છ જ જ્ઞ ઝ
ટ ઠ ડ ઢ ણ ત ત્ર થ દ ધ
ન પ ફ બ ભ મ ય ર લ વ
શ શ્ર ષ સ હ

1. નોંધ :- શબ્દનો પ્રથમ અક્ષર સમાન હોય, તો બીજા અક્ષર પ્રમાણે અને બીજો સમાન હોય તો ત્રીજા અક્ષર પ્રમાણે આગળ વધવું.

ઉ.દા. વિભાજન, વિભાજક

જવાબ. વિભાજક, વિભાજન

2. નોંધ :- ઙ, ઞ, ણ, ળ અને અઃ જેવા મૂળાક્ષરોથી શબ્દની શરૂઆત થતી ન હોવાથી તે ~~મૂળાક્ષરોને~~ મૂળાક્ષરોનો સમાવેશ શબ્દકોશ ક્રમમાં થતો નથી.

3. નોંધ :- અં = અ + ન
ક્ષ = ક + શ
જ્ઞ = જ + ઞ
ત્ર = ત + ર
શ્ર = શ + ર

અં, ક્ષ, જ્ઞ, ત્ર, અને શ્ર જેવા જોડાયા મૂળાક્ષરો તેના પ્રથમ

વર્ણોના ક્રમ પ્રમાણે આવશે.

4. નોંધ :- અક્ષરોને પ્રથમ બારાક્ષરીના ક્રમ પ્રમાણે અને ત્યારબાદ કક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવશે. ત્યારબાદ જોડાક્ષરોનો ક્રમ શરૂ થાય છે. તેમા પણ જોડાક્ષરો ક્રમ કક્કાવારીના ક્રમ પ્રમાણે નક્કી થાય છે. જેમ કે, 'સ્મારક' પછી 'સ્વાગત' આવશે.

5. નોંધ :- ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કે, કેં, કૈ, કૈં, કો, કોં, કૌ, કૌં ..... આજ રીતે કક્કાવારીની બીજા વર્ણો ક્રમ પણ રહેશે.

## સ્વાધ્યાય :-

* નીચે આપેલા શબ્દોને શબ્દકોશ ક્રમ પ્રમાણે ગોઠવો :-

1. સુંદર, સીંથી, સવાયું, સોગાત, શરૂઆત, સ્વચ્છ.
→ શરૂઆત ;

2. આરવ, અનન્ય, ગુજરાતી, ~~પ્રકૃત~~, પ્રકૃતિ, ઉનાળો.
→ અનન્ય, આરવ, ઉનાળો, ~~પ્રકૃત~~, ગુજરાતી, પ્રકૃતિ.

3. વૃક્ષ, વ્યસ્ત, વસંત, વાતાવરણ, ધામણી, વરણી
→ ધામણી, વરણી, વસંત, વાતાવરણ, વૃક્ષ, વ્યસ્ત.

4. પ્યાલો, ~~પરિસ્થિત~~ પરિસ્થિતિ, સત્તા, અચલ, અતિથિ, નિષ્કામ.
→ અચલ, અતિથિ, નિષ્કામ, ~~પરિ~~ પરિસ્થિતિ, પ્યાલો, સત્તા.

5. ચંદ્ર, આકાશ, ઉમંગ, પતંગ, પ્રાથમિક, પૂજ, કુસુમ.
→ આકાશ, ઉમંગ, કુસુમ, ચંદ્ર, પતંગ, પૂજ, પ્રાથમિક.

વ્યાકરણ :- સર્વનામ

સર્વનામ :- સર્વનામ એ એક પ્રકારનો શબ્દ છે કે સંજ્ઞા અથવા વિશેષણના સ્થાને વપરાય છે. પૂર્ણવિરામ અહીં કેટલાક મુખ્ય સર્વનામના પ્રકારો છે.

વ્યાકરણ : સર્વનામના પ્રકાર

1. દર્શકવાચક સર્વનામ:- દૂરના કે નજીકના પદાર્થને ઓળખવા માટે નામની જગ્યાએ વપરાતો શબ્દ એટલે દર્શક.
ઉ.દા. આ, ~~એવી~~, પેલી, પેલો

આ પંખી છે.
દા.ત. 1. તેમને આ સાડી ગમે છે કે પેલી?
2.

2. અનિશ્ચયવાચક સર્વનામ :- જે સર્વનામ કોઈ નિશ્ચિત વ્યક્તિ કે પદાર્થ માટે વાપરવામાં ના આવ્યું હોય તેને અનિશ્ચયવાચક સર્વનામ કહેવાય.
ઘણી બાબતોમાં અમારા વચ્ચે સામ્યતા હતી.
1. કેટલાક લોકો બીજાના હિત ખાતર કામ કરતા હોય છે.
2. કંઈક મેળવવું હોય તો કંઈક આપવુ પડે છે,
3.

3. સ્વવાચક સર્વનામ :- જે સર્વનામ પુરુષવાચક સર્વનામની સાથે આવી પોતાને ઓળખાવે તેને સ્વવાચક સર્વનામ કહે છે.
હું મારા કાર્ય મારી જાતે જ કરીશ.
1. તેની હાથે જ પરીક્ષામાં નપાસ થયો.
2. તેઓ એમની મેળે જ એવરેસ્ટ પર પહોંચ્યા.
3.

4. પુરુષવાચક સર્વનામ : પ્રથમ, બીજા, અને ત્રીજા પુરુષ માટે સર્વનામ તેને 'પુરુષવાચક' કહેવાય છે.
પ્રથમ પુરુષ હું, મારાથી, મારુ, મારામાં.
બીજા પુરુષ તેમ તમે તારાથી તારુ, તારામાં
ત્રીજા પુરુષ તે, તેને, તેનાથી, તેનામાં

5. સાપેક્ષ સર્વનામ : જે સર્વનામ એકબીજાની સાપેક્ષ વપરાય. ~~તેને~~
જે-તે, જેવું-તેવું, જે-તી, જ્યારે-ત્યારે.
દા.તા.

→ સ્વાધ્યાય :-

* આપેલા વાક્યોના સર્વનામ શોધી તેનો પ્રકાર લખો :-

1\. ત્યાં કોણ છે?
→ પ્રશ્નવાચક સર્વનામ
2\. પેલી ગાય સફેદ રંગની છે.
→ દર્શક વાચક સર્વનામ
3\. તેઓ રમે છે.
→ પુરૂષવાચક સર્વનામ
4\. જેવું વાવો, તેવો લણો.
→ સાપેક્ષ સર્વનામ
5\. પાણીમાં કંઈક પડયું છે.
→ અનિશ્ચયવાચક સર્વનામ.
6\. મેં પોતે આ ચિત્ર દોર્યું છે.
→ સ્વવાચક સર્વનામ.

6\. પ્રશ્નવાચક સર્વનામ : નામને બદલે વપરાતા અને પ્રશ્ન પુછવા માટે વપરાતા પદોને પ્રશ્નવાચક સર્વનામ કહે છે.

દા.ત. ક્યારે, કોણ, શું, કયું, વગેરે ત્યાં કોણ છે?

# ધોરણ 7 નિબંધલેખન

## 1.વૃક્ષોનું મહત્ત્વ

મુદ્દા:વૃક્ષોનું મહત્વ- ઓક્સિજન આપે છે - છાંયો અને ફળ આપે - પ્રાણીઓનું આશ્રયસ્થાન - પર્યાવરણનું સંતુલન - વૃક્ષારોપણની જરૂર

## 2. પ્રકૃતિનું સૌંદર્ય

મુદ્દા: પ્રકૃતિનો અર્થ - વૃક્ષો, ફૂલો અને નદીઓ - પર્વતો અને આકાશ - પક્ષીઓનો કલરવ - પ્રકૃતિથી આનંદ - પ્રકૃતિનું રક્ષણ

## 3. મારી પ્રિય ઋતુ

મુદ્દા: પ્રિય ઋતુનું નામ - ઋતુની વિશેષતા – હવામાન - ખોરાક અને કપડાં - તહેવારો / મજા - કેમ ગમે છે

## 4. પર્યાવરણનું સંરક્ષણ

મુદ્દા: પર્યાવરણ શું છે - પ્રદૂષણના પ્રકાર - પ્રદૂષણના નુકસાન - પર્યાવરણ બચાવવાના ઉપાયો - વૃક્ષારોપણ અને સ્વચ્છતા - આપણી ફરજ

# 1 ઓ ઈશ્વર! ભજીએ તને

## અભ્યાસ

### સ્વાધ્યાય

**અઘરા શબ્દોના અર્થ : (વિશેષ)**

| | | | |
|---|---|---|---|
| ભજીએ | – પૂજા કરીએ, ભક્તિ કરીએ | મોટું | – મહાન |
| તુજ | – તારું, તમારું | નામ | – (અહીં) નામના, મહાનતા |
| સાફ | – શુદ્ધ | પ્રભુ | – ભગવાન |
| નાથ | – માલિક, ઈશ્વર, સર્જનહાર | વાણી | – વચન |
| હાથ | – હસ્ત, કર | સંસાર | – દુનિયા |
| પૃથ્વી | – ધરતી, ધરા, વસુંધરા | પાણી | – જળ, નીર, સલિલ |
| પર્વત | – પહાડ, ગિરિ | | |
| ઉપકાર | – (મદદ કરવી) કલ્યાણ, સહાય | કાપ | – કાપી નાખવું, દૂર કરવું |
| કલેશ | – કંકાસ – ઝગડો | | |
| સુખ | – સંતોષ, શાંતિ અને તૃપ્તિ, મનોકામનાની સિદ્ધિનો આનંદ | | |

**મૌખિક**

**૧. તમે ઈશ્વર પાસે શું શું માંગો છો ?**

અમે ઈશ્વર પાસે સુખ, આનંદ, સારી બુદ્ધિ, સારું સ્વાસ્થ્ય અને જીવનજરૂરિયાત માટે સારું નસીબ માંગીએ છીએ. અમને સમૃદ્ધિની પ્રચુરતા આપો. હે ઈશ્વર, વિપુલ પ્રમાણમાં અમારી બુદ્ધિને સત્‌માર્ગી બનાવો.

**લિખિત**

**૧. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

**૧. બાળકો કોને ભજવાનું કહે છે ?**

બાળકો ઈશ્વરને ભજવાનું કહે છે.

**૨. બાળકો કોનાં નિત ગુણ ગાવાનું કહે છે ?**

બાળકો ઈશ્વરના નિત ગુણ ગાવાનું કહે છે.

**૩. બાળકો હાથ જોડી ભગવાન પાસે શું માંગે છે ?**

બાળકો હાથ જોડીને ઈશ્વરને વિનંતી કરે છે કે અમારામાં સારા – સારા ગુણોનો વિકાસ થાય, સદ્‌ગુણોને કારણે અમને સુખ મળે.

૪. **મન, વાણી અને બુદ્ધિથી અમે કેવાં કામ કરીશું ?**

મન, વાણી અને બુદ્ધિથી અમે સારાં કામ કરીશું.

૫. **બાળકો કોને દાતાર કહે છે ?**

બાળકો ઈશ્વરને દાતાર કહે છે.

૨. **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.**

૧. **બાળકો ઈશ્વરને શી વિનંતી કરે છે ?**

બાળકો ઈશ્વરને કહે છે કે ઓ ઈશ્વર ! તમને ભજીએ, ભક્તિ કરીએ, તમારાં રોજ-રોજ ગુણગાન કરીએ. હે પ્રભુ દયાળુ બનીને અમને રોજ આનંદમાં રાખજો અને અમારી ભૂલોને માફ કરી દેજો. અમને સારા-સારા ગુણો આપીને સદૈવ અમારી સાથે રહેવાની પ્રાર્થના કરે છે.

૨. **બાળકો ઈશ્વર પાસે કેવી બુદ્ધિની આશા રાખે છે ?**

મન, વાણી, વચનથી હંમેશાં સારું વિચારીએ, તેમજ અમારા હાથ વડે સારાં કામ થાય તેવી બુદ્ધિની આશા બાળકો ઈશ્વર પાસે રાખે છે.

૩. **બાળકો શું શું કાપીને ઈશ્વરને સુખ આપવાની વિનવણી કરે છે ?**

બાળકો ઈશ્વર પાસે ક્લેશ અને કંકાસના વાતાવરણને કાપવાની વાત કરે છે. જગતમાં લોકોના દુઃખોના નાશ કરવાનું કહીને બાળકો પોતાના જીવનમાં પણ કુમતિ દૂર કરી કરૂણા વડે દુઃખ કાપીને સુખ આપવાની વાત કરે છે.

## ભાષાજ્ઞાન

**૧.સમાનાર્થી શબ્દો**

ઈશ્વર = પ્રભુ, ભગવાન

વાણી = વચન, વાચા

બુદ્ધિ = મેધા, પ્રજ્ઞા

**૨. વિરોધી શબ્દો**

સારું × ખરાબ

હસાવ × રડાવ

ઉપકાર × અપકાર

**૩. સાચા ઉત્તર સામે ✓ નું નિશાન કરો.**

૧. **બાળકો કોને ભજવાનું કહે છે ?**

☑ ઈશ્વરને ☐ બહાદુર સેનાપતિને

☐ રાજાને ☐ મૂર્તિને

**૨. બાળકો ઈશ્વર પાસે શું માફ કરવાનું જણાવે છે ?**

- ☐ બાળકો ઈશ્વર પાસે ઋણ માફ કરવાનું કહે છે.
- ☑ બાળકો ઈશ્વર પાસે ભૂલો માફ કરવાનું કહે છે.
- ☐ બાળકો ઈશ્વર પાસે પોતાની બુદ્ધિની માફી માંગે છે.
- ☐ બાળકો ઈશ્વર પાસે સુખ અને દુ:ખ માફ કરવાનું કહે છે.

**૩. બાળકો કેવી રીતે સારાં કામ કરવાનું કહે છે ?**

- ☑ મન, વાણી, હાથથી અને સારા ગુણો વડે.
- ☐ શેઠ પાસેથી મદદ માંગીને
- ☐ પોતાની જાતે વાંચી અને ભણીને
- ☐ એકબીજાને પૂછી-પૂછીને

**૪. 'ઈશ્વર' માટે કાવ્યમાં બીજો કયો શબ્દ વપરાયો છે ?**

- ☐ કવિ
- ☐ શેઠ
- ☑ દાતાર
- ☐ રાજા

**૫. ઈશ્વરને શું શું કાપવાનું કહે છે ?**

- ☐ ઝાડ – પાન
- ☐ વડ, આંબો, લીમડો
- ☐ જંગલમાં ઊગેલું જંગલી ઘાસ
- ☑ કલેશ ને કંકાસ, પરિતાપ, કષ્ટ

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

**૧. પાળેલા પશુ-પક્ષી અને લોકો વચ્ચે તમે તમારી આસપાસ કેવો વ્યવહાર જુઓ છો ?**

- આત્મીયતાપૂર્ણ
- મૈત્રી અને વફાદારીથી ભરેલો
- સહજીવન
- અરસ-પરસની સાંકેતિક ભાષાની સમજ

**૨. 'કચ્છ' જિલ્લો ગુજરાતની ભૂમિ પર કયા જિલ્લાની નજીક આવેલો છે ?**

કચ્છ જિલ્લો ગુજરાતની ભૂમિ પર સુરેન્દ્રનગર જીલ્લાની નજીક આવેલો છે.

**૩. કચ્છના 'રણોત્સવ' વિશે તમે શું શું જાણો છો ?**

'રણોત્સવ' કચ્છ જિલ્લામાં 'ધોરડો' ગામની નજીકમાં આયોજીત કરવામાં આવે છે. લગભગ નવેમ્બર મહિનાથી ફેબ્રુઆરી માસ દરમ્યાન 'રણોત્સવ'ની મુલાકાત લઈ શકાય છે. ખારા મીઠાનું 'સફેદ રણ' પૂર્ણિમાના દિવસે નિહાળવાની મજા ઘણી જ વધુ હોય છે. ઉપરાંત કચ્છી હસ્તકલાની ચીજવસ્તુઓનું વેચાણ ત્યાં થાય છે.આ ઉપરાંત, કચ્છી સંસ્કૃતિને રણોત્સવમાં તંબુમાં રહીને પ્રવાસી જોઈ-માણી શકે છે.

**૪. કચ્છના ફરવા લાયક કયા-કયા સ્થળો છે ?**

ધાર્મિક સ્થળ : માતાના ગઢ, કોટેશ્વર મહાદેવ, નારાયણ સરોવર, હાજીપીની દરગાહ, ભદ્રેશ્વર જૈન મંદિર વગેરે.

ઐતિહાસિક તેમજ ફરવાલાયક સ્થળો : ભુજ, માંડવી,કંડલા, મુંદ્રા, લખપત, અંજાર વગેરે.

**૫. 'માતાનો મઢ' સ્થાનકે કયા માતાજી બિરાજે છે ?**

માતાનો મઢ સ્થાનકે આશાપુરી માતા બિરાજે છે.

**૬. ગુજરાતમાં શક્તિપીઠો કયા-કયા સ્થળે આવેલાં છે ?**

ગુજરાતમાં ઉત્તર ગુજરાતમાં અંબાજી-ગબ્બર, મહાકાળી માતા , પાવાગઢ, વડોદરા પાસે.

**૭. પાલતુ પશુ તરીકે કયાં-કયાં પ્રાણીઓ પાળવામાં આવે છે ?**

પાલતુ પશુ ગાય-ભેંસ, ઘેટાં-બકરાં, ઊંટ, ઘોડો, કૂતરો-બિલાડી તેમજ કેટલેક સ્થળે માલસામાનના કામકાજ માટે 'હાથી' પાળવામાં આવે છે.

**૮. વિદ્યાર્થી મિત્રો, તમે તમારા ઘેર કૂતરો, બિલાડી કે પોપટ જેવાં પશુ-પંખી પાળેલાં હોય તો જણાવો.**

જી હા, અમારે ઘેર કૂતરો પાળેલો છે. અમારે ઘેર બિલાડીઓ-બિલાડા પાળેલાં છે.

**લિખિત**

**૧. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તરો લખો.**

**૧. 'તૂટ' એટલે શું ?**

'તૂટ' એટલે ધરતીકંપ જેવા અકસ્માતથી ધરતીની સપાટીમાં તિરાડ પડે અને 'થરો' એકબીજા પર ચઢી જાય તે સ્થળે પડેલો ખાંચો.

**૨. હબાય માતાનું મંદિર ક્યાં આવેલું છે ?**

3/5

હબાને પૂર્વ છેડે લીલીકુંજાર ઝાડી વચ્ચે કુદરતને ખોળે હબાય માતાનું મંદિર આવેલું છે.

**૩. સંત મેંકણ કયા કુળમાં જન્મેલા હતા ?**

ખોંભડીના ભાટ્ટી કુળમાં સંત મેંકણનો જન્મ થયો હતો.

**૪. દાદા મેંકણની જીવસૃષ્ટિ તરફ કેવી લાગણી હતી ?**

દાદા મેંકણની જીવસૃષ્ટિ તરફ સર્વ પ્રત્યે જીવદયા અને સમદૃષ્ટિથી ભરેલી લાગણી હતી.

**૫. 'જીનામ-જીનામ' નો અલખ ધરાવનાર દાદા મેંકણને કયું ઉપનામ મળેલું છે ?**

'જીનામ-જીનામ'નો અલખ ધરાવનાર મેંકણને 'કચ્છના કબીર'નું ઉપનામ મળેલું છે.

**૬. દાદા મેંકણની જીવદયામાં કયા-કયા પશુઓ ભળેલા હતા ?**

દાદા મેંકણની જીવદયામાં 'લાલિયો' ગધેડો અને 'મોતિયો' કૂતરો જેવા પશુઓ ભળેલા હતા.

**૭. દાદા મેંકણે ક્યારે અને કયા સ્થળે સમાધિ લીધી હતી ?**

સંત મેંકણે સંવત ૧૭૮૬ ના આસો વદ ચૌદશે પોતાની જીવનલીલા સંકેલી અને હબાના ધ્રંગ ગામે સમાધિ લીધી હતી.

**૨. નીચેના પ્રશ્નોના ઉત્તરો ચાર-પાંચ વાક્યોમાં લખો.**

**૧. દાદા મેંકણના અખાડામાં દીન-દુઃખિયાઓને કેવી રીતે મદદ મળતી ?**

દાદા મેંકણના અખાડામાં દીન-દુઃખિયાંઓને સદા આશરો અને અન્ન મળતાં હતાં. તેઓ જાતે ગામમાં ઘરેઘર ઘૂમી, કાવડ ફેરવી રોટલા ઉઘરાવી લાવતા અને તેમાંથી ભૂખ્યાં લોકોને ભોજન કરાવી સંતોષ આપતા.

૨. 'લાલિયો' અને 'મોતિયો' ભૂલા પડેલાં વટેમાર્ગુના પ્રાણ કેવી રીતે બચાવતાં ?

ધ્રંગની ઉત્તરે, બન્નીની પાર વિસ્તરેલ ભેંકાર રણપ્રદેશમાં કોઈ મુસાફર ભૂલો પડી ગયો હોય તો તેની ખબર 'મોતિયો' લઈ આવતો. 'લાલિયા' ગધેડાની પીઠ પર 'છાંટ'માં ખાવાનું ભોજન અને નાનકડા માટલામાં પાણી ગોઠવી દેવાતું. પછી આ બેલડી મુસાફર પાસે પહોંચી જતી. લાલિયો, મોતિયાની પાછળ-પાછળ જઈ વટેમાર્ગુના પ્રાણ બચાવતો.

૩. 'દાદા મેંકણ' વિશે ચાર-પાંચ વાક્યો લખો.

ખોંભડીના ભાટ્ટી કુળમાં સંત મેંકણનો જન્મ થયો હતો. મેંકણના પિતા હાધાજી નવું ઘર બંધાવતા હતા ત્યારે જમીનમાંથી 'ખલકો, તુંબડી, પતર અને ચાખડી' નીકળતા તેમણે વૈરાગ્યનો રસ્તો લીધો. કાપડી સાધુ પાસે ભેખ લઈ તેમણે જીવદયાનાં ઘણાં કામ કર્યાં. ધ્રંગમાં ઠરીઠામ થઈ તેમણે દીનદુઃખિયાંઓની ઘણી સેવા કરી. તેમની આ સેવામાં 'લાલિયો' અને 'મોતિયો' જોડાયાં હતાં. તેમને 'કચ્છના કબીર'નું ઉપનામ મળેલું છે.

૩. નીચેના શબ્દોનો ઉપયોગ કરીને 'અન્નદાન એ જ મહાદાન' વિશે લખો.

આપણા સમાજમાં અનેક લોકો ગરીબીસ્તર પર જીવનવ્યાપન કરતાં જોવા મળે છે. એટલે કે અનેક લોકો 'ભૂખમરા'નો ભોગ બનતા જોવા મળે છે. જીવનમાં આપણે નૈતિક રીતે પણ મદદ કરવી જોઈએ. ઈશ્વરકૃપાથી આપણને જે કંઈ પ્રાપ્ત થયું છે, તેમાંથી થોડું ઘણું 'દાન' પેટે આપી શકાય. 'દાન' આપતી વખતે કરુણાનો નિઃસ્વાર્થ ભાવ હોવો જરૂરી છે. અન્નદાન એ મહાદાન છે. માનવતાથી ભરપૂર ભાવનાને એ જ વ્યક્તિ અનુભવી શકે જે મનુષ્યત્ત્વથી ભરેલો હોય.

ખરેખર અન્નદાન 'મહાદાન' છે. સૃષ્ટિ અને ધરતીમાતા આપણને અનાજનો એક-એક 'કણ' આપે છે. જે ખરેખર કિંમતી જ છે, કેમ કે કણ-કણ ભેગાં થઈને અનાજનો ઢગલો બને છે ! જે લોકો પાસે સમૃદ્ધિ છે, સુખ-સંપત્તિ છે તે લોકોએ પરોપકારની ભાવના દ્વારા લોકોને મદદ કરવી જોઈએ. જમતી વખતે અનાજનો બગાડ થાય તે રીતે જમવું ન જોઈએ. પોતે જાતે જીવનમાં અન્નનું દાન કરી ભૂખ્યાં લોકોની ભૂખને સંતોષ આપવો જોઈએ. માત્ર લોકો જ નહિ પરંતુ પશુઓ અને પક્ષીઓને પણ ભોજન માટે 'અન્ન' આપવું જોઈએ. સમાજમાં ઘણી જગ્યાઓએ નિઃસ્વાર્થ 'ભોજન- પ્રસાદી'ની વ્યવસ્થા રોજેરોજ જોવા મળે છે. આપણે નિયમપૂર્વક આવા સ્થળે પણ કાચા અનાજનું દાન કરી પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ સેવા કરી શકીએ. ખરેખર કહેવાયું છે –

'અન્નદાન એ જ મહાદાન.'

'જીવદયા એ પરમધર્મ છે.'